**દાવો દાખલ તારીખ ૧૯/૦૧/૨૦૧૮**
**દાવો રજી. તારીખ ૧૯/૦૧/૨૦૧૮**
**ફેંસલ તારીખ ૦૨/૦૫/૨૦૧૮**
**સમય અવધી વર્ષ માસ દિવસ**

**રાજકોટના મે. ૧૨માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ) સાહેબની કોર્ટમાં, મું. રાજકોટ**

**સ્પે. સીવીલ સ્યુટ (ઈલે.) નં. ૦૪ / ૨૦૧૮**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
થ્રુ ઈટસ નાયબ ઈજનેરશ્રી
કુવાડવા સબ ડીવીઝન, રાજકોટ ........... **વાદી**

**વિરૂધ્ધ**

**રજાકભાઈ અબ્દુલભાઈ ભુવર**
ઠે. મુંઃ ધીરજપાનવાળી શેરી, મું. સણોસરા
તા.જી. રાજકોટ .......... **પ્રતિવાદી**

**દાવો :– વીજ વપરાશ બીલની લેણી રકમ રૂા. ૧૯૪૨૧–૬૧ પૈસા**
**<u>વસુલ મળવા અંગે</u>**

**એડવોકેટસ**
**વાદી તરફે વિધ્વાન વકીલશ્રી જે.એમ.મગદાણી**
**પ્રતિવાદી તરફે : એકતરફી**

**– :: ચુ કા દો :: –**

**(૧)** આ કામના વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી રજીસ્ટર્ડ ઓફીસના તાબામાં જુદાજુદા ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફીસો આવેલ છે અને આ રીતે વાદી કંપનીનું કુવાડવા સબડીવીઝન રાજકોટ મુકામે આવેલ છે. આ કામની દાવા અરજીમાં સહી કરનાર અધિકારી વાદી કંપનીના જવાબદાર અધિકૃત ઓફીસર છે અને હાલના દાવાની હકીકતથી માહીતગાર છે.

**(૨)** આ કામના પ્રતિવાદીએ વાદી કંપની પાસે વીજળી કનેકશન માટે અરજી કરેલ હતી અને લાઈટીંગ કનેકશન લીધેલ હતા. વાદી કંપની દ્રારા પ્રતિવાદીનું વીજળી કનેકશન નં.

૮૯૬૬૫/૦૦૫૯૫/૨ થી કનેકશન મંજુર કરવામાં આવેલ અને વાદી કંપની દ્વારા પ્રતિવાદીને વીજ પુરવઠો પુરો પાડવામાં આવતો હતો અને પ્રતિવાદીને વીજ વપરાશના બીલો વાદી કંપની દ્વારા આપવામાં આવતા હતા. આ કામના પ્રતિવાદીની સ્થાનીક જગ્યાએ રાજકોટ જીલ્લાના કુવાડવા સબડીવીઝનના તાબાના વિસ્તારમાં વીજ કનેકશન ચેક કરવા માટે તારીખ ૧૫/૬/૧૬ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા વીજસ્થાપન ચેક કરતાં પેટી પર લાગેલ સીલ તથા ટર્મીનલ કવર પર લાગેલા શીલોના સીલ વાયર કપાયેલા હતા. સદર મીટરના ટર્મીનલ બ્લોકના સ્ક્રુ પર બાહય પદાર્થના સ્પષ્ટ ઘસરકાના નિશાન હતા. પ્રતિવાદીએ વીજવપરાશ નોંધાતો અટકાઈ તેવી વ્યવસ્થા કરી અનઅધિકૃત રીતે વિજવપરાશ કરતા હોય, પ્રતિવાદીને અનઅધિકૃત રીતે વીજવપરાશ સંબંધે બીલ આપેલ હતું. આ રીતે પ્રતિવાદી અનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હોય જેથી નિયમાનુસાર વાદીને બીલ આપેલ હતુ. આમ પ્રતિવાદીને કલમ ૧૨૬ મુજબનું બીલ આપેલ હતું.જે બીલ પ્રતિવાદીએ ભરપાઈ કરવાનું થતું હતુ છતાં ભરેલ નહી જેથી પ્રતિવાદીને નોટીસ આપેલ હતી જે નોટીસનો પ્રતિવાદીએ કોઈ અમલ ન કરતા હાલનો દાવો લાવેલ છે. વાદીનું આ કામના પ્રતિવાદી પાસે જનરલ કન્ઝયુમર લેજરના સ્ટેટમેન્ટ મુજબ રૂા. ૧૪,૩૨૮–૯૪ પૈસા લેણું રહે છે..

.

**(૩)** હાલનો દાવો દાખલ થતાં આ કામના પ્રતિવાદીને સમન્સ / નોટીસ કરતાં તેઓને યોગ્ય રીતે સમન્સ / નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ હાજર થયેલા નહી. તેથી આ કામમાં આંક ૧ હેઠળ કરેલ હુકમ મુજબ પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે. આમ આ કામના પ્રતિવાદી દ્વારા વાદીના દાવાની કોઈ હકીકત ને પ્રતિવાદી દ્વારા પડકારવામાં આવેલ નથી.

**(૪)** વાદીએ પોતાના દાવાના સર્મથનમાં આંક ૦૭ થી રીકેશકુમાર ગીરવંતસિંહ રાઠોડને તપાસેલ છે અને તેમની જુબાની દરમ્યાન નીચે મુજબના દસ્તાવેજો રજુ કરી પુરવાર કરવામાં આવેલા છે.

## –:: દસ્તાવેજી પુરાવાઓ ::–

| અનુક્રમ નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૯ | પરફોર્મા નં. ૧૨ અસલ |
| (૨) | ૧૦ | પ્રમાણપત્ર અસલ |
| (૩) | ૧૧ | લેજર કોપી અસલ |
| (૪) | ૧૨ | ઓફીસ નોટ |
| (૫) | ૧૩ | ગેટપાસ |
| (૬) | ૧૪ | વીજજોડાણ ચાલુ કરાવવા બાબત |
| (૭) | ૧૫ | નોટીસ |
| (૮) | ૧૬ | ચેકીંગ રીપોર્ટ |
| (૯) | ૧૭ | એડીની પહોંચ |
| (૧૦) | ૧૮ | ચોરીનું બીલ |
| (૧૧) | ૧૯ | ગણતરી |
| (૧૨) | ૨૦ | ચેકીંગ રીપોર્ટ |
| (૧૩) | ૨૧ | કન્ઝમ્પશન ડીટેલ્સ |
| (૧૪) | ૨૨ | લેબ રીપોર્ટ |
| (૧૫) | ૨૩ | વીજ જોડાણ કાપવાનો હુકમ |

ત્યારબાદ **આ કામના વાદી તરફથી આંક ૨૪ ની પુરશીશથી તેઓએ પોતાનો મૌખીક પુરાવો પુરો થયાનું જાહેર કરી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ.**

**(૫)** આ કામમાં પ્રતિવાદી સામે હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે તેથી પ્રતિવાદી દ્વારા કોઈપણ પ્રકારનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૬) હાલના દાવાના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ આંક ૦૬ થી ફેમ કરેલ છે.**

૧. શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજચોરી કરી વીજવપરાશ કરેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે તેઓ પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રકમ લેવા હકકદાર થાય છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે તેઓ બીલની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર થાય છે ?

૪. શું વાદીનો સમયમર્યાદામાં છે ?
૫. શું હુકમ તથા હુકમનામુ ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા મુજબ આ પ્રમાણે છે.

૧. હકારમાં
૨. હકારમાં
૩.હકારમાં
૪. હકારમાં
૫. આખરી હુકમ મુજબ

**–– ::: કા ર ણો ::––**

**(૮)** આ કામમાં મુદ્દા નં. ૧ થી ૪ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલી હોય તેથી પુનરાવર્તન નો દોષ નિવારવા માટે મુદા નં. ૧ થી ૪ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૯)** આ કામના વાદીના દાવાની હકીકત મુજબનો પુરાવો વાદી કંપનીના જવાબદાર અધિકારી રીકેશકુમાર ગીરવંતસિંહ રાઠોડે આંક ૭ વાળા પોતાના પુરાવાના સોગંદનામામાં દાવા અરજીમાં જણાવ્યા મુજબની જણાવેલ છે. આ સાહેદે વાદી કંપનીના આ સાહેદના પુરાવાને પ્રતિવાદી દ્રારા પડકારવામાં આવેલ નથી.

આમ કાયદાકીય સિધ્ધાંત મુજબ જો વાદીની સોગંદપૂર્વકની હકીકતોને જો પ્રતિવાદી દ્રારા પડકારવામાં ન આવે તો તે આ હકીકતો સ્વીકારે છે તેમ માનવુ પડે. આ ઉપરાંત વાદી કંપનીના અધીકારીના આંક ૭ના મૌખીક પુરાવા તથા આંક ૦૯ થી આંક ૨૩ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ ઉપરથીએ હકીકત સ્પષ્ટ થાય છે કે તારીખ ૧૫/૬/૧૬ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્રારા વીજસ્થાપન ચેક કરતાં પેટી પર લાગેલ સીલ તથા ટર્મીનલ કવર પર લાગેલા શીલોના સીલ વાયર કપાયેલા હતા. સદર મીટરના ટર્મીનલ બ્લોકના સ્ક્રુ પર બાહય પદાર્થના સ્પષ્ટ ઘસરકાના નિશાન હતા. પ્રતિવાદીએ વીજવપરાશ નોંધાતો અટકાઈ તેવી વ્યવસ્થા કરી અનઅધિકૃત રીતે વિજવપરાશ કરતા હોય, પ્રતિવાદીને અનઅધિકૃત રીતે વીજવપરાશ સંબંધે બીલ આપેલ હતું.

આ રીતે પ્રતિવાદી અનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હોય જેથી નિયમાનુસાર વાદીને બીલ આપેલ હતુ. આમ પ્રતિવાદીને કલમ ૧૨૬ મુજબનું બીલ આપેલ હતું.જે બીલ પ્રતિવાદીએ ભરપાઈ કરવાનું થતું હતુ છતાં ભરેલ નહી જેથી પ્રતિવાદીને નોટીસ આપેલ હતી જે નોટીસનો પ્રતિવાદીએ કોઈ અમલ ન કરેલ નથી. વાદીનું આ કામના પ્રતિવાદી પાસે જનરલ કન્ઝયુમર લેજરના સ્ટેટમેન્ટ મુજબ રૂા. ૧૪,૩૨૮–૯૪ પૈસા લેણું બાકી રહે છે. આ કામના સાહેદએ રાજયસેવક છે, તેઓએ જે કોઈ કાર્યવાહી કરી છે તે પોતાની ફરજના ભાગરૂપે કરી છે તેમજ રજુ થયેલા તમામ દસ્તાવેજોએ અસલ તથા તેની ખરીનકલો છે અને આ આંક ૯ થી આંક ૨૩ સુધીના તમામ દસ્તાવેજો પ્રોપર કસ્ટડી માંથી રજુ થયેલ છે, આ દસ્તાવેજોને પ્રતિવાદી દ્વારા કોઈપણ રીતે પડકારેલા નથી ત્યારે આ દસ્તાવેજોને ન માનવા નું કોઈ કારણ રહેતું નથી.

**(૧૦)** આ કામના વાદી દ્વારા માસીક ૧.૫ % ના વ્યાજની માંગણી કરેલ છે પરંતું આ કામના પક્ષકારો વચ્ચે વ્યાજ અંગે કોઈ લેખીત કરાર કરવામાં આવેલ નથી આ સંજોગોમાં પ્રવર્તમાન બેંક વ્યાજના ધોરણો તથા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલા વ્યાજના ધોરણો ધ્યાનમાં લેતા વાદીની માસીક ૧.૫ % વ્યાજની માંગણી વધારે પડતી હોય. તેથી વાદી પોતાની લેણી રકમ ઉપર વાર્ષીક ૯ % વ્યાજ સહીત લેણી રકમ મેળવવા હકકદાર છે.

**(૧૧)** આ કામના વાદી કંપનીના અધીકારીઓ દ્વારા તા. ૧૫/૬/૧૬ના રોજ પ્રતિવાદીની જગ્યાનું ચેકીંગ કરેલ છે અને જરૂરી રીપોર્ટસ તૈયાર કરેલા છે અને વાદી દ્વારા પ્રતિવાદીને તા. ૨૬/૧૧/૧૬ ના રોજ લેખીતમાં નોટીસ આપેલ જયારે હાલનો દાવો તારીખ ૧૯/૧/૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે, આમ હાલનો દાવો વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષની સમયમર્યાદામાં દાખલ કરેલ છે તેથી વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે અને વાદીના દાવાને લીમીટેશન એકટનો કોઈ બાધ નડતો નથી.

**(૧૨)** ઉપરોકત ચર્ચા મુજબ પોતાનો દાવો સાબીત કરવામાં સફળ રહયા છે તેથી મુદ્દા નં. ૧ થી ૪ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદ્દા નં. ૫ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

**– :: <u>હુ ક મ</u> ::–**

**(એ)** વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને રૂા. ૧૯૪૨૧–૬૧ પૈસા દાવો દાખલ થયાની તારીખથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષીક નવ ટકા (૯ % )ના સાદા વ્યાજસહીત ચુકવી આપવા અને વાદી તે રકમ પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મીલકતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

**(બી)** વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૦૨મી માહે મે સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ
તા.૦૨ /૦૫/ ૨૦૧૮

**( વિનોદ વી. પરમાર )**
**૧૨માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા**
**સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ)**
**રાજકોટ**
**UNIQ ID NO.GJ01514**